SHREE SAHKAR EDUCATION TRUST'S
# Shree Dhanvantary Pharmacy College
(Approved by AICTE & PCI-New Delhi and Affiliated to GTU)

તા. ૨૧/૦૬/૨૦૧૭

# પ્રેસનોટ

## શ્રી ધનવંતરી કેમ્પસ, કીમમાં "ઇન્ટરનેશનલ વર્લ્ડ યોગા ડે" ની ઉજવણી





શ્રી સહકાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ધનવંતરી કેમ્પસ માં શ્રી ધનવંતરી ફાર્મસી કોલેજ, શ્રી ધનવંતરી કોલેજ ઓફ ડિપ્લોમા એન્જીનીયરીંગ, શ્રી ધનવંતરી ફાર્માસ્યુટિકલ એનાલીસીસ એન્ડ રીસર્ચ સેંટર તેમજ શ્રી ધનવંતરી ઇન્ટરનેશનલ સ્કૂલ સફળતાપૂર્વક કાર્યરત છે. જેમાં KG થી ધોરણ ૧૦, ડિપ્લોમા એન્જીનીયરીંગ, બી.ફાર્મ., એમ.ફાર્મ., ફાર્મ.ડી. (ડોક્ટર ઓફ ફાર્મસી) તેમજ પી.એચ.ડી. સુધીના અભ્યાસક્રમો કાર્યરત છે. કોલેજ કેમ્પસ ખાતે તા. ૨૧/૦૬/૨૦૧૭ ના રોજ સરકારશ્રીના આદેશાનુંસર "ઇન્ટરનેશનલ વર્લ્ડ યોગા ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જે અંગે કોલેજ કેમ્પસમાં ફાર્મસી, ડીપ્લોમા એન્જી. તેમજ સ્કુલના વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓ માટે યોગ ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના તેમજ સ્કુલના પ્રિન્સીપાલશ્રીઓ દ્વારા મહેમાનો તેમજ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓનુ સ્વાગત કરવામાં આવ્યું હતું. કોલેજના ફાર્મસીના પાંચમાં સેમેસ્ટર ના વિદ્યાર્થી અભિષેક સોમવંશી, સ્કુલના પી.ટી. શિક્ષક મહેન્દ્રભાઈ પટેલ તેમજ બ્ર.કુ. પાર્વતીબેન તેમજ બ્ર.કુ. મંજુબેન દ્વારા કોલેજ તેમજ સ્કુલના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ ને વિવિધ યોગ તેમજ મેડીટેશન કરાવ્યા હતા અને તેના દ્વારા થતા ફાયદાઓ અંગે માહિતી આપવામાં આવી હતી.. કેમ્પસમાં વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓએ આ કાર્યક્રમમાં હાજર રહી ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને યોગ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ફાર્મસી કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ. એમ.એન.નૂલ્વી, ડીપ્લોમા એન્જી. કોલેજના પ્રિન્સિપાલશ્રી સુરેશ બલર તેમજ ઈન્ટરનેશનલ સ્કુલના પ્રિન્સીપાલશ્રી મિતેષ રાવલના માર્ગદર્શન હેઠળ અનુક્રમે ફાર્મસી કોલેજના આસી. પ્રોફેસર તેમજ એન.એસ.એસ. કો-ઓર્ડીનેટરશ્રી સમરેશ પાલ રોય, ડીપ્લોમા એન્જી. કોલેજના લેકચરર કુ. નિમિષાબેન પટેલ તેમજ સ્કુલના પી.ટી. શિક્ષક મહેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ શ્રી સમરેશ પાલ રોય દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજ તેમજ સ્કુલના વિદ્યાર્થીઓ, પ્રીન્સીપાલશ્રી, કર્મચારીઓ તેમજ ટ્રસ્ટીઓએ ઉપસ્થિત રહી મહત્વનો ભાગ ભજવ્યો હતો.

Principal
Shree Dhanvantary Pharmacy College
Kim, Dist. SURAT

Nr. Railway Station, Dhanvantary College Road, At : Kim (East), Dist. : Surat - 394 110. Gujarat, INDIA.
Phone: +91 99041 04830, +91 99242 04829, Email : info@sdpc.co.in Website : www.sdpc.co.in